બાળગ્રંથાવળી :: ત્રીજી શ્રેણી :: ૨

જગદ્‌ગુરુ હેમચંદ્રાચાર્ય

લેખક :

નાગકુમાર મકાતી બી. એ.

સંપાદક :

ધીરજલાલ ટોકરશી શાહ

:: બાળગ્રંથાવળી કાર્યાલય, અમદાવાદ ::

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १५८०४ वर्गांक

पुस्तकनुं नाम જગદ્ગુરુ હેમચંદ્રાચાર્ય

विषय 923: 6215

બાળગ્રંથાવળી ત્રીજી શ્રેણિ ૨.

જગદ્ગુરુ હેમચંદ્રાચાર્ય

લેખક :

નાગકુમાર મકાતી બી. એ.

: સંપાદક :

ધીરજલાલ ટોકરશી શાહ.



સર્વ હક્ક સ્વાધીન

આવૃત્તિ પહેલી ∴ સંવત ૧૯૮૭

મૂલ્ય સવા આનો.


પ્રકાશક:-

ધીરજલાલ ટોકરશી શાહ

ચિત્રકાર, બુકસેલર એન્ડ પબ્લીશર,

રાયપુર : હવેલીની પોળ,

: અમદાવાદ. :



મુદ્રક:-

મૂળચંદભાઇ ત્રીકમલાલ પટેલ

સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ

પાનકોર નાકા—અમદાવાદ.

જગદ્ગુરુ હેમચંદ્રાચાર્ય

: ૧ :

અહા ! કોણ એવો હશે જેણે કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યનું પવિત્ર નામ નહિ સાંભળ્યું હોય! એ મહાન્ યોગીરાજ, મહાન્ તત્ત્વજ્ઞ, મહાન્ તેજસ્વી ત્યાગમૂર્તિને વંદન હો !

શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ આજથી લગભગ નવસો વર્ષ પુર્વે ધંધુકામાં થયો હતો. તેમના પિતાનું નામ ચાચીંગ શેઠ હતું અને માતાનું નામ પાહિણીદેવી હતું. બન્ને ધર્મકાર્યમાં પ્રીતિવાળાં અને ન્યાયનીતિથી ચાલનારાં હતાં. લક્ષ્મીદેવીની પણ તેમના ઉપર સારી મહેર હતી. હેમચંદ્રાચાર્યનું મૂળ નામ હતું ચાંગદેવ.

ચાંગદેવ નાનપણથીજ ખૂબ ચાલાક હતો. તેની ચપળ આંખો, નમણું નાક અને ભવ્ય લલાટ જોઇ સૌ કોઇને લાગતું કે ભવિષ્યમાં એ નામ કાઢશે.

એક દિવસ શ્રી દેવચંદ્ર નામના મહાન્ આચાર્ય ધંધુકે પધાર્યા. તેમનાં દર્શન કરવા શ્રદ્ધાળુ ભક્તો આવવા લાગ્યા. ચાંગદેવની માતા પાહિણી પણ પોતાના પુત્રને લઇ ગુરુવંદન માટે ઉપાશ્રયે આવી. આચાર્ય મહારાજ એ વખતે મંદિરે ગયા હતા. તેમના આવવાની સૌ રાહ જોવા લાગ્યા. તેવામાં આઠ વર્ષનો બાળક ચાંગદેવ રમતો રમતો ગુરુના આસન ઉપર ચઢી બેઠો, અને પોતાના બરોબરીઆ મિત્રોને કહેવા લાગ્યો: હું તમારો ગુરુ છું. તમે મને વંદન કરો. મંદિરમાંથી પાછા ફરેલા આચા-

ર્યશ્રીએ ઉપાશ્રયમાં દાખલ થતાં આ શબ્દો સાંભળ્યા. તેમને નવાઇ લાગી કે મારી ગેરહાજરીમાં બીજા ગુરુ વળી કોણ આવ્યા! અંદર આવીને જુએ તો એક સુંદર બાળક પોતાના આસન ઉપર બેઠેલો છે. તેની આકૃતિ ભવ્ય છે. લક્ષણો ઘણાં ઉંચાં છે. તે વિચારવા લાગ્યા કે જો આ બાળક ક્ષત્રિય કુળનો હશે તો જરૂર ચક્રવર્તી રાજા થશે, જો વાણીઆ બ્રાહ્મણના કુળનો હશે તો ચકવર્તી રાજાને પણ આજ્ઞામાં રાખે તેવો મહા પ્રધાન થશે, અને જો એ સાધુ થશે તો મહાન્ પ્રભાવક થઇ જગતનું કલ્યાણ કરશે.

બીજે દિવસે કેટલાક વેપારીઓને લઇ દેવચંદ્રસૂરિ ચાંગદેવને ઘેર ગયા. તેના પિતા ચાચીંગ શેઠ તો એ વખતે પરગામ ગયેલા હતા. પણ તેની માતા પાહિણી ઘેર હતી. તે ઘણીજ વિવેકી અને વિચક્ષણ હતી. ગુરુ મહારાજને પોતાને ત્યાં પધારેલા જાણી તેને ખૂબ આનંદ થયો. સર્વનો યોગ્ય આદર સત્કાર કરી તેણે આસન આપ્યું. પછી બે હાથ જોડી તે કહેવા લાગી: અહો! આજે મારે સોનાનો સૂરજ ઉગ્યો કે ગુરુદેવનાં મુજ રંકને ઘેર પગલાં થયાં. મુજ ગરીબની ઝુંપડી આજે પાવન થઇ. ગુરુજી, કહો કહો શી આજ્ઞા છે?

આચાર્ય બોલ્યા: દેવી! અમે ત્યાગીઓ તો ભિક્ષાના અંચળા ઓઢેલા છે. આજે તમારી પાસેથી એક અનોખી વસ્તુની ભિક્ષા માગવા આવ્યા છીએ. કહો ભિક્ષા આપશો કે ભિક્ષુકને ખાલી હાથે પાછા કાઢશો?

પાહિણી બોલી: અહો! ધન્ય દિવસ! ધન્ય ઘડી!

ગુરુદેવ ! આ સર્વ આપનું જ છે. જે ચીજની જરૂર હોય તેને માટે આજ્ઞા ફરમાવો.

આચાર્ય કહે, દેવી ! અમારે નથી જોઇતું ધન–ધાન્ય કે નથી જોઇતો પૈસો ટકો. અમારે જોઇએ છે તમારૂં પુત્રરત્ન–તમારો વ્હાલો ચાંગો. ભવિષ્યમાં એ મહાન્ આચાર્ય થઇ જૈનશાસનનો ઉદ્યોત કરશે. કહો, સમાજના ઉદ્ધાર અર્થે, માનવજીવોના કલ્યાણ અર્થે તમારા બુદ્ધિમાન પુત્રનું દાન કરી શકશો ?

નવીન તરેહની ભિક્ષાની માગણીથી પાહિણી જરા વિસ્મય તો પામી પણ વિચારવા લાગી કે સમસ્ત સંઘ મારે આંગણે પધારી મારા પુત્રની માગણી કરે છે તો પાછી કેમ ઠેલાય ? તેણે કહ્યું: ગુરુદેવ ! વિશ્વના ભલા માટે પુત્રનું દાન કરવામાં મને હરકત નથી. પણ એના પિતા બહારગામ ગયેલ છે તેમને આવવા દો.

આચાર્યશ્રીની સાથે આવેલા વેપારીઓ બોલ્યા: પાહિણી દેવી ! તમારા પતિને અમે મનાવી લઇશું. તેમની રજા સિવાય આચાર્યશ્રી ચાંગદેવને દીક્ષા નહિ આપે એ ખાત્રી રાખજો. પણ તમે રાજીખુશીથી ગુરુએ માગેલી ભિક્ષા આપો. ધનભાગ્ય છે તમારાં કે આવું પુત્રરત્ન તમારી કુખે પાકયું છે.

આ સાંભળી પાહિણીએ ચાંગદેવને ગુરુચરણે ધર્યો. પુત્રથી છુટા પડતાં તેને ઘણું લાગી આવ્યું. તેની આંખોમાં અશ્રુ ઉભરાવા લાગ્યાં. ખરેખર પુત્રથી વિખુટા પડતાં લાગણી કોને ન થાય ? પણ સમાજકલ્યાણની ભાવનાથી પ્રેરાઇ પાહિણીએ સર્વ દુઃખ અંતરમાં સમાવી દીધું.

ગુરુએ બાળકને પૂછયું: તું મારો શિષ્ય થઇશ?

'હા હા. હું થઇશિ' ચાંગદેવે હસતાં હસતાં જવાબ આપ્યો.

કેટલાક દિવસ પછી ગુરુએ ચાંગદેવને લઇ વિહાર કર્યો ને ખંભાત ગયા. ત્યાં ઉદયન મંત્રીને ઘેર તેના બાળકોની સાથે ચાંગદેવને રાખ્યો. ત્યાં તેનું સારી રીતે લાલન પાલન થવા લાગ્યું.

: ૨ :

ચાચીંગ શેઠ ઘેર આવ્યા ત્યારે તેમને ખબર પડી કે સ્ત્રીએ પોતાના પુત્રનું દાન કરી દીધું છે. આથી તેને ખૂબ ક્રોધ ચડયો. તે પોતાની સ્ત્રી ઉપર ખીજાયો. તેણે પ્રતિજ્ઞા કરી કે ચાંગાનું મુખ ન દેખું ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ છે. આવી પ્રતિજ્ઞા કરી તે ખંભાત પહોંચ્યો. ગુરુના ઉપાશ્રયે તે ક્રોધભર્યો આવ્યો. જેવા તેવા નમસ્કાર કરી તે બોલ્યો: આચાર્ય મહારાજ! મારો ચાંગો કયાં છે? આચાર્ય મહારાજ સમયના જાણ હતા. એ સમજી ગયા કે ચાચીંગ શેઠ પુત્રપ્રેમથી છેડાયો છે એટલે તેમણે કહ્યું: ઉદયન મંત્રી! ચાચીંગશેઠને ચાંગદેવ સુપ્રત કરો.

ઉદયન મંત્રી ચાચીંગને લઈ પોતાને ઘેર આવ્યો ને ભારે આગતાસ્વાગતા કરી. ચાંગદેવને ચાચીંગના ખોળામાં બેસાડયો. પુત્રનું મોઢું જોઈ પિતાની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં ને એકદમ છાતી સરસો ચાંપી

વ્હાલથી માથે હાથ ફેરવવા લાગ્યો. ચાંગો પણ પિતાને જોઇ રાજી થયો.

ભોજનનો સમય થતાં ઉદયન મંત્રીએ ચાચીંગ શેઠને બહુ ભાવપૂર્વક જમાડયા. પાનસોપારી ખાતાં ખાતાં ઉદયને વાત છેડી: શેઠજી! આપ તો બહુ ભાગ્યશાળી છો કે આપને ત્યાં આવા ઉત્તમ પુત્રરત્નનો જન્મ થયો છે.

'આહ! તેથીજ મારા પુત્રને ઉઠાવી લાવ્યા છો ખરૂંને?' ચાચીંગ શેઠે કટાક્ષમાં કહ્યું.

'અરે શેઠજી એવું શું બોલો છો! આપનાં પત્નીએ સ્વહસ્તે ચાંગાનું દાન કર્યું છે. તમારે આપેલું દાન પાછું લેવું હોય તો તમે જાણો. શાસ્ત્રમાં તો કહ્યું છે કે કન્યા એક વખત અપાય, સત્પુરૂષનું વચન એક વખત અપાય અને દાન પણ એક વખત અપાય. વળી તમારો ચાંગો તો આખા સમાજનો ઉદ્ધાર કરશે. હજારો મનુષ્યો તેના ચરણમાં મસ્તક નમાવશે. ગુરુદેવ કહે છે કે તેનું ભાગ્ય જબરૂં છે.'

આ શબ્દો સાંભળી ધીમે ધીમે ચાચીંગ શેઠ પીગળવા લાગ્યા. તેમનો ક્રોધ નરમ પડયો. તેમનો ઉભરો શમવા લાગ્યો. તેમણે વિચાર કર્યો કે આપેલો પુત્ર પાછો લેવો હવે કોઈ રીતે યોગ્ય નથી. ભલે તે દીક્ષા લઇ જૈનશાસનનું નામ ઉજ્જવળ કરે. આમ વિચારી ગુરુપાસે જઇ તેમણે સ્વહસ્તે પુત્ર અર્પણ કર્યો. બાદ ગુરુએ તેને ધામધૂમપૂર્વક દીક્ષા આપી. પંચ મહાવ્રત ઉચ્ચરાવ્યાં અને સોમચંદ્ર નામ પાડયું.

મહાબુદ્ધિશાળી હોવાથી થોડા વખતમાં સોમચંદ્ર-મુનિ સઘળા શાસ્ત્રોમાં પ્રવિણ થયા. છએ દર્શનનો તેમણે અભ્યાસ કર્યો. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં તેમણે ઘણી નિપુણતા મેળવી. કાવ્ય, નાટક, કલા, તર્ક, ન્યાય વ્યા-કરણ વગેરે અનેક વિષયોમાં તેઓ પારંગત થયા.

થોડા વખત પછી ગુરુએ તેમની સર્વરીતે લાયકાત જોઈ આચાર્ય પદવી આપી ને હેમચંદ્રસૂરિ નામ પાડયું.

: ૩ :

થોડાજ વખતમાં આ તેજસ્વી યુવાન આચાર્યની કીર્તિ ચારેગમ ફેલાવા લાગી. તેમના અદ્ભુત જ્ઞાનની ઠેરઠેર પ્રશંસા થવા લાગી.

એક વખત હેમચંદ્રાચાર્ય પાટણના બજારમાંથી પસાર થતા હતા. તેજ વખતે ગૂજરાતનરેશ સિદ્ધરાજ જયસિંહ પણ ત્યાંથી જતો હતો. હેમચંદ્રાથાર્યની અદ્-ભુત કાન્તિમય મૂર્તિ જોઈ તેને આશ્ચર્ય થયું કે અહો આ પ્રભાવશાળી યુવાન સાધુ કોણ હશે? તેણે પોતાનો હાથી ઉભો રખાવ્યો. હાથીને એકદમ રોકી ઉભા રહેલા રાજાને જોઈ હેમચંદ્રાચાર્ય મધુર અવાજે બોલ્યા કે સિદ્ધરાજ નરેશ! આ ગજેન્દ્રને તું આગળ ચલાવ. દિશાઓના હસ્તીઓ ભલે ત્રાસ પામી ચાલ્યા જાય. તેઓની હવે કાંઈ પણ જરૂર નથી. કારણ કે ખરેખર આ પૃથ્વીને ધારણ કરનાર હવે તુંજ છે.

બરાબર સમયને યોગ્ય ભાષણ સાંભળી સિદ્ધરાજ આશ્ચર્ય પામ્યો ને આચાર્યશ્રીની વિદ્વતા માટે તેને માન

થયું. તે વંદન કરી બોલ્યોઃ પ્રભો ! આપ હંમેશાં રાજ-સભામાં પધારી આપના દર્શનનો લાભ આપી મને કૃતાર્થ કરો.

'વર્તમાન જોગ, રાજન્! ' આશ્ચાર્યશ્રીએ જવાબ આપ્યો ને આગળ ચાલ્યા.

શ્રી હેમચંદ્રાચાર્ય જૈનશાસનનો ઉદ્ધાર કરવાની મહાભાવના સેવી રહ્યા હતા. આ ભાવના રાખવી સહેલ છે પણ તેનો અમલ કરવો ઘણોજ મુશ્કેલ છે. કેવી રીતે એ કાર્ય કરવું તે અતુલ બુદ્ધિશાળી આ મહાપુરૂષને માટે અઘરૂં ન હતું. સિદ્ધરાજના મેળાપનો લાભ લઈ તેના મનમાં જૈન ધર્મ વિષે ગૌરવ ઉત્પન્ન કરવું તેમને જરૂરી લાગ્યું ને તેથી તેની સભામાં જઇ અદ્ભૂત કુશળતાથી ઉપદેશ આપવા લાગ્યા. અન્ય વિદ્વાનો એમની આ ઉપદેશ આપવાની છટાથી તથા વિદ્વતાથી મ્હોમાં આંગળી નાંખવા લાગ્યા. સિદ્ધરાજ તેમના આ સહવાસથી ખુબ રાજી થયો ને તેમને પોતાના ગુરુ ગણવા લાગ્યો.

: ૪ :

હેમચંદ્રાચાર્ય મહાન ઉપદેશક ને વિદ્વાન હતા એટલું જ નહિ પણ સમર્થવાદી પણ હતા. ભલભલા વા-દીઓ તેમની પાસે હાર ખાઇ ગયા હતા.

એક વખત રાજસભા ભરીને સિદ્ધરાજ બેઠો છે. એક બાજુ હેમચંદ્રાચાર્ય પોતાના શિષ્યો સાથે આસન-પર બેઠા છે. બીજી બાજુ મોટા મોટા પંડિતો બેઠા છે.

તેવામાં કુમુદચંદ્ર નામે એક વૃદ્ધ દિગંબર આચાર્ય વાદ કરવા આવ્યો. રાજાએ કુમુદચંદ્રને માન આપી હેમચંદ્રાચાર્ય સાથે વાદ કરવા જણાવ્યું. કુમુદચંદ્રની ઉમર મોટી હતી અને હેમચંદ્રાચાર્ય તો જુવાન હતા. એટલે કુમુદચંદ્ર તેમની મશ્કરી કરવા બોલ્યો: पीतं तक्रं એટલે કે તેં છાશ પીધી છે ?–તારૂં મોઢું છાશ પીધા જેવું થઇ ગયું છે. આમ બોલી તે હસવા લાગ્યો. પણ पीतं નો બીજો અર્થ પીળું થાય છે એટલે पीतं तक्रंનો અર્થ પીળી છાશ પણ થાય છે. હેમચંદ્રાચાર્ય તે અર્થ કરીને બોલ્યા કે હે બુઢ્ઢા ! છાસ તો ધોળી હોય–પીળી ન હોય. પીળી તો હલદર હોય. આ સાંભળીને આખી સભા ખડખડાટ હસી પડી. કુમુદચંદ્ર ખીસિયાણો પડી ગયો. એટલે તે બોલ્યો કે હેમચંદ્ર તો બાળક છે. એ બાળક સાથે હું વૃદ્ધ શું બોલું ? આ વચન સાંભળી હેમચંદ્રાચાર્ય બોલ્યા કે હું મોટો છું ને કુમુદચંદ્ર બાળક છે; કારણ કે એ હજી સુધી કેડે કંદોરો અને ધોતીયું પહેરવાનું શીખ્યો નથી ને નાગો ફરે છે. કુમુદચંદ્ર દીગંબર મતનો હોઈ શરીરે નગ્ન રહેતો હતો. તેને હેમચંદ્રાચાર્યે ફરી બનાવ્યો અને સભા વચ્ચે તે ચાટ પડયો. પછી કુમુદચંદ્ર વાદમાં હારીને દક્ષિણમાં નાસી ગયો. હેમચંદ્રાચાર્યની વાહવાહ થઈ.

દિવસે દિવસે હેમચંદ્રાચાર્યની કીર્તિ વધવા લાગી. સિદ્ધરાજ પણ બીજા પંડિતોના કરતાં તેમના ઉપર વધારે ભાવ રાખવા લાગ્યો. આથી રાજસભાના

કેટલાક પંડિતો તેમની ઇતરાજી કરવા લાગ્યા. તેઓ હેમચંદ્રાચાર્યની વિરૂદ્ધ રાજાના કાન ભંભેરવા લાગ્યા. એક વખત સિદ્ધરાજ ધારાનગરીના રાજા યશોવર્માને હરાવીને પાછો ફર્યો. તે વખતે પંડિતો વગેરે તેને આશિર્વાદ આપવા આવ્યા. હેમચંદ્રાચાર્યે પણ એક કાવ્ય બોલી તેને આશિષ આપી. આ કાવ્યની ચાતુરીથી ચમત્કાર પામી રાજાએ તેમની ઘણી પ્રશંસા કરી. આ સહન ન થઇ શકવાથી કેટલાક ઇર્ષ્યાખોર બ્રાહ્મણો બોલ્યા કે અમારાં વ્યાકરણ આદિ શાસ્ત્ર ભણ્યા ત્યારે હેમચંદ્રાચાર્ય વિદ્વાન થયા, અને આવાં સુંદર કાવ્ય બનાવતાં શીખ્યા. તેમાં તેઓએ શી ધાડ મારી કે તેમની આટલી બધી પ્રશંસા કરો છો?

રાજાએ આચાર્યની સામે જોયું. આચાર્ય બોલ્યા કે પૂર્વે શ્રી તીર્થંકર મહારાજે બાલ્યાવસ્થામાં ઇન્દ્રની આગળ કહેલું વ્યાકરણ જે જૈનેંદ્ર વ્યાકરણ કહેવાય છે તે હું ભણેલો છું.

'અરે એતો બધાં ગપ્પાં છે ગપ્પાં. આધુનિક કાળે તમારો કોઈ વૈયાકરણી થયો હોય તો બતાવો.' ઈર્ષ્યાથી બળી રહેલા બ્રાહ્મણો બોલ્યા.

'જો મહારાજા સિદ્ધરાજ સહાય કરે તો થોડાજ વખતમાં પંચાંગી નવીન વ્યાકરણ હું બનાવું.' આચાર્યશ્રીએ દૃઢતાથી ઉત્તર આપ્યો.

સિદ્ધરાજે કહ્યું: ગુરુદેવ! આપ નવીન વ્યાકરણ બનાવો. આપને જે મદદ જોઇશે તે હું આપીશ.

તે દિવસથી આચાર્યશ્રીએ નવીન વ્યાકરણ લખવું શરૂ કર્યું. ફક્ત બાર મહિનામાં સવા લાખ શ્લોકનું પંચાંગી વ્યાકરણ તેમણે રચ્યું. સિદ્ધરાજના નામમાંથી **સિદ્ધ** શબ્દ લીધો અને હેમચંદ્રના નામમાંથી **હેમ** શબ્દ લઇ ગ્રંથનું નામ **સિદ્ધહેમ** આપ્યું. આચાર્યશ્રીની આવી અગાધ શક્તિથી સિદ્ધરાજ તાજુબ થઇ ગયો. બધા પંડિતો પણ વિસ્મય પામ્યા. સિદ્ધરાજે આ ગ્રંથને હાથી પર પધરાવી આચાર્યશ્રીના સ્થાનકેથી બહુ માનપૂર્વક પોતાની પુસ્તકશાળામાં આણ્યું અને હુકમ કર્યો કે આજથી સર્વ વિદ્યાલયોમાં આજ વ્યાકરણ સર્વેએ ભણવું.

આ વ્યાકરણ એટલું બધું સરસ છે કે અત્યારે પણ તે અન્ય વ્યાકરણો કરતાં શ્રેષ્ઠ ગણાય છે. આ ગ્રન્થથી હેમચંદ્રાચાર્યની વિદ્વતાનો યશડંકો દશે દિશામાં વાગવા લાગ્યો.

: ૫ :

મહારાજા સિદ્ધરાજને એક દિવસ વિચાર થયો કે અહો ! મારૂં મસ્તક ધોળું થયું છે, વૃદ્ધાવસ્થા આવવાનાં ચિન્હો જણાવા લાગ્યાં છે, છતાં મારે એક પણ પુત્ર નથી. મારા મરણ પછી મારા રાજ્યની શી વ્યવસ્થા થશે ! તેનો કોણ ભોક્તા થશે ! શું મારૂં કુળ નિર્વંશ જશે અને આ રાજ્યનો સ્વામી કોઇ અન્ય થશે ! આમ વિચાર કરતો કરતો તે ઘણા શોકમાં ડૂબી ગયો. થોડા દિવસ બાદ તેણે હેમચંદ્રાચાર્યને પૂછયું: ગુરુદેવ ! મારે ત્યાં રત્ન, સુવર્ણ, હાથી, ઘોડા વગેરે સર્વ સંપત્તિઓ રહેલી છે. પરંતુ આ સર્વનો ઉપભોગ કરનાર એક પુત્ર

નથી. કૃપા કરીને કહો કે મને પુત્ર થશે કે નહિ.

આચાર્યશ્રીએ સિદ્ધરાજની ગ્રહદશા વગેરે જોઇ જવાબ આપ્યો કે રાજન્ ! તારા નસીબમાં પુત્રસુખ હોય તેમ જણાતું નથી.

'ભગવન્! તો કૃપા કરીને જણાવશો કે મારા પછી રાજ્યનો સ્વામી કોણ થશે ?'

'રાજન્ ! દધિસ્થલિના રાજા ત્રિભુવનપાલનો પુત્ર કુમારપાળ.'

આચાર્યશ્રીના મુખેથી આવું ભવિષ્ય સાંભળી સિદ્ધરાજ ઘણો દુ:ખી થયો. તે વિચારવા લાગ્યો કે કુમારપાળ તો હલકા કુળનો છે. માટે એ રાજગાદી પર ન જ આવવો જોઇએ. આથી તેને મારી નાંખવા માટે પોતાના માણસોને આજ્ઞા કરી.

સિદ્ધરાજના આ ઘાતકી વિચારની ખબર પડતાં કુમારપાળ દધિસ્થાલથી નાસી ગયો. દેશાંતરમાં ભૂખ-તરસ વેઠતો વેષ બદલીને તે ભટકવા લાગ્યો. કેટલોક વખત આમ રખડયા પછી પાટણના રાજતંત્રની હકીકત જાણવા તે ગુપ્ત રીતે પાટણમાં આવ્યો. તાપસનો વેશ ધારણ કરી એક મઠમાં અન્ય તાપસોની જોડે રહેવા લાગ્યો.

થોડા દિવસ પછી સિદ્ધરાજના પિતૃશ્રાદ્ધનો દિવસ આવ્યો. તેણે સઘળા તાપસોને જમવા નોતર્યા. કુમારપાળ પણ તાપસ વેશે જમવા આવ્યો. સિદ્ધરાજ પોતાના હાથે સર્વ તપસ્વીઓના પગ ધોવા લાગ્યો. અનુક્રમે

કુમારપાળની પાસે આવતાં તેના કમળ જેવા કોમળ પગે રાજચિન્હ જોવામાં આવ્યું. કંઈક વ્હેમ પડતાં સિદ્ધરાજે કુમારપાળના મ્હોં સામે જોયું. તેનો વ્હેમ દૃઢ થવા લાગ્યો. આ કુમારપાળ તો ન હોય એવો સંકલ્પવિકલ્પ તેના મનમાં ઉઠયો. તે તેના સામું તાકી રહ્યો. કુમારપાળને લાગ્યું કે સિદ્ધરાજ મને ઓળખી ગયો છે. હવે વધુ વખત અહીં બેસી રહેવામાં માલ નથી. તેમ કરવા જતાં કદાચ શત્રુના હાથમાં સપડાઇ જવાય. એટલે તે ભોજન પડતું મૂકી એક કુદકો મારી મૂઠીઓ વાળી નાઠો. સિદ્ધરાજને ખાત્રી થઈ કે નક્કી આ કુમારપાળ છે. તેણે રાજસેવકોને પાછળ દોડાવ્યા. પણ કુમારપાળ જીવ લઈને ભાગ્યો. રાજસેવકોને થાપ આપીને એક કુંભારના ઘરમાં સંતાઈ ગયો અને બીજે દિવસે ગુપ્ત રીતે પાટણ છોડી નાસી ગયો. ત્યાંથી નાસતો નાસતો તે ખંભાત પહોંચ્યો. આ બાજુ હેમચંદ્રાચાર્ય પણ વિહાર કરતા પાટણથી ખંભાત આવ્યા હતા. કુમારપાળ પાસે ખરચી ખુટવાથી તે ઉદયન મંત્રીને ઘેર ગયો. ત્યાંથી સમાચાર મળ્યા કે ઉદયન તો આચાર્ય પાસે પૌષધશાળાએ ગયા છે. કુમારપાળ ત્યાં ગયો. આચાર્યશ્રીએ તેને જોઈ કહ્યું કે પધારો ગુર્જરેશ્વર કુમારપાળ. ઉદયનને વિચાર થયો કે ગુર્જરેશ્વર તો સિદ્ધરાજ છે અને આ રખડતા માણ-સને આચાર્યશ્રીએ ગુર્જરેશ્વર કેમ કહ્યો હશે. તેને ગુંચવાડામાં પડેલો જોઇ આચાર્ય બોલ્યા કે મંત્રીશ્વર આ કુમારપાળ ભવિષ્યના ગુર્જરેશ્વર છે અને તેઓ ચક્રવર્તી રાજા થવાના છે.

કુમારપાળે કહ્યું: ભગવન્ ! હું તો રસ્તાનો રઝળતો ભીખારી અને દરિદ્રી છું. મારા જેવાને ચક્રવર્તીપણું મળે એ માન્યામાં નથી આવતું.

હેમચંદ્રાચાર્ય બોલ્યા: કુમારપાળ ! તું જરૂર ચક્રવર્તી થવાનો છું. સંવત ૧૧૯૯ ના કાર્તિક વદ ૨ ને રવિવાર હસ્ત નક્ષત્રે તને પટ્ટાભિષેક થશે. જો તેમ ન થાય તો હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારે આજન્મ પર્યંત કદિ નિમિત્ત (જ્યોતિષ) જોવું નહિ.

આચાર્યશ્રીની નિશ્ચયાત્મક વાણી સાંભળી કુમારપાળે પણ પ્રતિજ્ઞા કરી કે જો આપની વાણી સાચી પડે, તો આપજ રાજા અને હું તો આપની ચરણરજનો સેવક થઇશ.

આચાર્ય બોલ્યા કે વત્સ ! અમને ત્યાગીઓને રાજ્યની ઇચ્છા ન હોય. અમે તો ધર્મધ્વજા ફરકાવવાની ભાવના રાખીએ છીએ. તમે કૃતઘ્ન થઈ તમારી પ્રતિજ્ઞા વિસરી ન જતાં. જિનશાસનના નિરંતર પરમ ભક્ત થજો.

ગુરુદેવ ! આપની આજ્ઞા શિરે ચડાવું છું, આમ કહી કુમારપાળ ઉદયનમંત્રીને ઘેર ગયો. ત્યાં તેનો ખૂબ સત્કાર કરવામાં આવ્યો. મંત્રીએ તેને આગ્રહ કરીને થોડા દિવસ પોતાને ઘેર રાખ્યો.

આ બાજુ સિદ્ધરાજના ગુપ્તચરોને ખબર મળી કે કુમારપાળ ખંભાતમાં છે. આ વાત સાંભળતાં સિદ્ધરાજે તેને પકડવા કેટલાક સુભટો મોકલ્યા. તેઓ ખંભાતમાં

આવી નગરની અંદર ચારે બાજુ તેની શોધ કરવા લાગ્યા. કુમારપાળને ખબર પડતાં તે મંત્રીના મકાનમાંથી નીકળી હેમચંદ્રસૂરિના ઉપાશ્રયે આવ્યો અને બોલ્યો કે પ્રભો! સિદ્ધરાજના સુભટો મને પકડવા આવ્યા છે. આપ મારૂં રક્ષણ કરો.

આચાર્યશ્રીએ ઉપાશ્રયમાં એક ભોંયરામાં તેને ઉતાર્યો અને તેનું દ્વાર પુસ્તકોના ઢગલાવડે ઢાંકી દીધું. ક્રોધથી ધમધમતા રાજાના સુભટો આવી સૂરિજીને પૂછવા લાગ્યા કે તમારા મઠની અંદર કુમારપાળ છે એવી અમને ખબર મળી છે માટે તે અમને સોંપી દો.

આચાર્ય બોલ્યા કે આ મકાન રહ્યું. કુમારપાળ જડે તો લઈ જાવ.

સુભટોએ ખુણે ખોંચરે તપાસ કરી પણ કુમારપાળનું ઠેકાણું જડયું નહિ. તેઓ શોધતા શોધતા ભોંયરા આગળ આવી પહોંચ્યા. પણ ત્યાં પુસ્તકો અને તાડપત્રોનો મોટો ઢગલો જોઈ તેઓ પાછા વળી ગયા. સુભટોના ગયા પછી કુમારપાળને બહાર કાઢવામાં આવ્યો. તે બોલ્યો કે પ્રભો! આપે મને જીવિતદાન આપ્યું છે. હું આપનો અત્યંત ઋણી છું. મેં આપને રાજ્ય આપવા કબુલ કર્યું છે. હાલમાં મારૂં જીવિત પણ આપને અર્પણ કરૂં છું.

વત્સ! રાજ્ય અને જીવિત અમારે શા કામનાં છે? રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થયા પછી કૃતઘ્ની ન નિવડતો એટલે બસ.

ગુરુની નિઃસ્પૃહતા જોઇ કુમારપાળના મુખમાંથી શબ્દો નીકળી પડયા કે અહો! ધન્ય છે આ મહાપુરૂષની નિર્લોભતાને કે જેઓ રાજ્યલક્ષ્મીને પણ તૃણ સમાન ગણી નિરંતર પરોપકાર કરવા માટેજ જીવે છે.

બાદ ગુરુના ગુણોની વારંવાર સ્તુતિ કરી, તેમની રજા લઇ કુમારપાળ ખંભાતથી નીકળી માળવા તરફ ગયો. ત્યાં તેને ખબર મળી કે સિદ્ધરાજનું પાટણમાં અવસાન થયું છે. તરતજ તે ત્યાંથી નીકળી પાટણ આવ્યો. પોતાના બનેવી કૃષ્ણદેવની મદદથી રાજ્ય મેળવી ગાદીએ બેઠો. પોતાના પર કરેલા ઉપકાર બદલ ઉદયન મંત્રીને તેણે પોતાનો વડો પ્રધાન બનાવ્યો. બીજા પણ ઉપકારીઓને યાદ કરી યોગ્ય બદલો આપ્યો ને શ્રી હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા.

શ્રી હેમચંદ્રાચાર્યની મહાભાવના સફળ થવાનો સુયોગ આવી પહોંચ્યો.

: ૬ :

એક દિવસ કુમારપાળ વિચારવા લાગ્યો કે ગુરુના અનંત ઉપકારોનો બદલો કેમ વાળવો ? આ રાજ્યલક્ષ્મી તો શું પણ મારા ઘરનું ભોજન સરખું તેઓ લેતા નથી. તો હવે કેમ કરવું ? તેમની વિદ્વતા અને તેમના જ્ઞાનનો વિચાર કરતાં તેને લાગ્યું કે ખરેખર આ કલિકાલમાં તેમના જેવો જ્ઞાની કોઈ છેજ નહિ. તો મારે એક ખાસ દરબાર ભરી તેમને ‘ કલિકાલ સર્વજ્ઞ ’નું બિરૂદ આપવું.

તરત તેણે દરબાર ભરવા તૈયારી કરી. મોટા મોટા રાજપુરૂષોને અને શેઠ શાહુકારોને આમંત્રણો પાઠવ્યાં.

ચતુર્વિધ સંઘને આમંત્રણ આપ્યું. સામંતોને અને અન્ય રાજવીઓને પણ નોતર્યા.

શુભ મુહૂર્તે આચાર્યશ્રી શિષ્યો સાથે દરબારમાં પધાર્યા. સર્વેએ ઉભા થઇ વંદન કર્યું. વિવિધ પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં. કુમારપાળે ઉભા થઇ જણાવ્યું કે ભગવાન હેમચંદ્રાચાર્યની બરોબરી કરે તેવો આ જમાનામાં કોઇ નથી. તેમના અનેક ઉપકારો માટે જગત તેમનું ઋણી છે. તેઓ યુગસૃષ્ટા છે. તેઓ આ કળીયુગમાં જ્ઞાનના સાગર છે. તેથી આપ સર્વની સમક્ષ ગુરુદેવને 'કલિકાલ સર્વજ્ઞ'નું બિરૂદ અપાયેલું હું જાહેર કરૂં છું.

સભામાંથી એક વિદ્વાન્ બ્રાહ્મણ પંડિતે ઉભા થઇ જણાવ્યું કે ભગવાન હેમચંદ્રાચાર્યના જેટલી વિદ્વતા, તેમના જેટલું તપોબળ અને તીક્ષ્ણ બુદ્ધિ હજી કોઇનામાં જોવામાં આવી નથી. 'કલિકાલ સર્વજ્ઞ'ના બિરૂદને તેઓ સર્વ રીતે યોગ્ય છે. હું તેમને અભિનંદન આપું છું.

આ વખતે ભગવાન હેમચંદ્રાચાર્યના સુંદર મુખ ઉપર તેજોમંડળ ઉભરાયું હોય તેમ જણાવા લાગ્યું. તેમાંથી એક અદ્દભુત જ્યોતિ પ્રગટી વાતાવરણને પ્રકાશથી ભરી દેવા લાગી. તેઓ ધીર ને ગંભીર વાણીથી બોલ્યા: રાજન્! મને આપેલા બિરૂદને હું લાયક થાઉં એમ ઇચ્છું છું. ભગવાન્ મહાવીરે સેવા અને અહિંસા ધર્મનો જે પરમ સંદેશ જગતને પાઠવ્યો છે તે પ્રમાણે સર્વ જીવો વર્તતા થાય એ મારી ભાવના છે. હરેક મનુષ્ય એ માર્ગ ગ્રહણ કરે અને શાસનનો વિજય કરે. જગત્ કલ્યાણનો એ જ મહા માર્ગ છે. શુભં ભવતુ!

આચાર્યશ્રીની મધુર વાણી સાંભળીને શ્રોતાઓ એક જાતનો આનંદ અનુભવવા લાગ્યા. તેમના હૃદયમાં 'સેવા અને અહિંસા'ના પડઘા પડવા લાગ્યા. સભામાંથી એક પ્રચંડ ઘોષ ઉઠયો. 'ભગવાન મહાવીરની જય! કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યની જય!'

હવે કુમારપાળ હેમચંદ્રાચાર્યનો પાકો ભકત થયો છે. ગુરુનો એક એક શબ્દ અમૃત સમાન ગણી તે ઝીલી લે છે. 'જેવો રાજા તેવી પ્રજા' એ હિસાબે તેની રૈયતના પણ મોટા ભાગે જૈન ધર્મ અંગિકાર કર્યો છે. સઘળે અહિંસા ને પ્રેમનું વાતાવરણ મ્હેકી રહ્યું છે. નથી માણસોને જુલ્મી કાયદા કે ચોર ચખારનો ભય, નથી પશુપક્ષીઓને જીવ ગુમાવવાનો ભય. એ પણ મનુષ્યની જેમ પૂર્ણ નિર્ભયતાથી મ્હાલી શકે છે.

જિન મંદિરોના ગગનચુંબી શિખરો ધીમે ધીમે વધવા લાગ્યા. ઉપાશ્રય, પૌષધશાળાઓ ને જ્ઞાનભંડારોમાં ભરતી થઇ. શ્રમણવૃંદો દૂર દૂર સુધી આ ભાવનાનો પ્રચાર કરવા લાગ્યા.

કુમારપાળને આ બધું જોઇ લાગ્યું કે મારૂં જીવન ગુરૂ કૃપાથી સફળ થયું છે. એથી તે મનમાં બોલતો કે:

એક હેમ જો કર ચઢે, તો દુઃખીયો નવ થાય;
હોય હેમ જસ હાથમાં, તસ વચ કિમ ન પૂજાય.[1]

---

૧. શ્રી પદ્મવિજયજી—જેના હાથમાં એક હેમ એટલે લક્ષ્મી હોય છે તે દુઃખી થતો નથીતો જેના હાથમાં બે હેમ એટલે લક્ષ્મી ને હેમ (ચંદ્ર) નામે ગુરૂ છે તેના શબ્દનાં પૂજન કેમ ન થાય!

આચાર્યશ્રીની દીનપ્રતિદીન ચડતી કળા કેટલાક ઇર્ષ્યાળુ બ્રાહ્મણો જોઈ ન શકયા. ગુર્જરેશ્વર કુમારપાળ એક જૈન યતિની સલાહ પ્રમાણે ચાલે એ તેમને અણુ-ઘટતું જણાયું. એથી તેઓ આચાર્ય વિરૂદ્ધ રાજાના કાન ભંભેરવા લાગ્યા. તેમનાં છિદ્રો શોધી રાજા પાસે ચાડી ખાવા લાગ્યા.

એક દિવસ એક બ્રાહ્મણ રાજસભામાં આવી બોલ્યો કે મહારાજ આ જૈન લોકો પ્રત્યક્ષ સૂર્યદેવ છે તેને પણ માનતા નથી, તો બીજા દેવને તો કયાંથીજ માને ! તેઓ તો નાસ્તિક છે.

રાજાએ આચાર્યશ્રીની સામે જોતાં તેઓ બોલ્યા કે રાજન્ ! હૃદયમાં રહેલું મહા પ્રકાશક મહાસૂર્યનું ધામ (તેજ) તેની તો અમોજ ઉપાસના કરીએ છીએ. તેનું લક્ષણ સ્પષ્ટ રીતે બહારથી પણ જણાય છે. સૂર્યનો અસ્ત થયા પછી અમે ભોજનનો ત્યાગ કરીએ છીએ. માટે આપ વ્યાજબી રીતે વિચાર કરી જુઓ કે સૂર્યના ખરા ભક્ત અમો છીએ કે રાત્રિએ ભોજન કરનારા આ બ્રાહ્મણો છે !

આ જવાબ સાંભળી પેલો બ્રાહ્મણ ચૂપ થઈ ગયો અને ફરીથી આ તેજસ્વી આચાર્યનું નામ નહિ લેવાની મન સાથે ગાંઠ વાળી.

એક વખત એક બીજા બ્રાહ્મણે આચાર્યની મશ્કરી કરી કે હાથમાં દંડ ને ખભે કામળ ધારણ કરતા હેમાચાર્યરૂપી ગોવાળ તમારી રક્ષા કરો. આ સાંભળીને

આચાર્યના શિષ્ય રામચંદ્ર કવિ બોલ્યા કે છ દર્શન રૂપી પશુના ટોળાને જૈનરૂપી ગોચરભૂમિમાં ચારો ચરાવતા હેમાચાર્યરૂપી ગોવાળ તમારી રક્ષા કરો. પેલો બ્રાહ્મણ હેમાચાર્યને ગોવાળ બનાવવા જતાં પોતાને પશુ બનવું પડયું તે જોઇ બધાની વચ્ચે શરમાઇ ગયો.

એક દિવસ રાજાએ કહ્યું કે ગુરુદેવ! મારો યશ ચિરંજીવ થાય એવી કોઇ યુક્તિ બતાવો.'

ગુરુએ કહ્યું: રાજન્! મહારાજા વિક્રમની પેઠે પૃથ્વીને ઋણ રહિત કરો અને શ્રી સોમેશ્વર મહાદેવનું લાકડાનું મંદિર સમુદ્રના મોજાંઓથી ખવાઈ ગયું છે તેનો ઉદ્ધાર કરો.

ગુરુનું વચન સાંભળી કુમારપાળને ઘણો આનંદ થયો. આચાર્ય જૈન હોવા છતાં અન્ય ધર્મનું મંદિર કરવાનો ઉપદેશ આપે છે તે જોઈ તેમના વિષે તેને ઘણું માન થયું. તેમની સર્વ ધર્મસહિષ્ણુતા જોઈ તે આશ્ચર્ય પામ્યો. તેણે જીર્ણોદ્ધાર માટે તરત હુકમો આપ્યા.

કેટલાક બ્રાહ્મણો તો આચાર્યનું બહુ માન થતું જોઇ ખૂબ ગુસ્સે થયા. તેમણે આવીને રાજાને કહ્યું: રાજન હેમાચાર્ય આપને ઉપરથી મીઠું મીઠું બોલી ખુશ કરે છે. પણ એ અંતરથી સોમેશ્વરદેવને માનતા નથી. આપને ખાત્રી ન થતી હોય તો સવારમાં તેઓ આવે ત્યારે તમે સોમેશ્વર દેવની યાત્રા કરવા વાસ્તે પધારવા પ્રાર્થના કરજો. એટલે એમનું પોકળ ખુલ્લું પડી જશે. બ્રાહ્મણો મનમાં હરખાવા લાગ્યા કે હવે હેમચંદ્રનું આવી બન્યું. એ યાત્રા કરવાની ના પાડશે એટલે જોઇ લો મઝા. પછી આપણાં માન જરૂર વધશે.

બીજે દિવસે રાજાએ હેમાચાર્યને સોમેશ્વરની યાત્રા કરવા આગ્રહપૂર્વક પ્રાર્થના કરી. આચાર્ય બોલ્યા કે અમારા જેવા તપસ્વીઓને તીર્થયાત્રા કરવાનોજ અધિકાર છે. એમાં આગ્રહ કરવાની કાંઇ જરૂર નથી. અમે પગે ચાલીને ત્યાં આવી પહોંચીશું.

કેટલેક દિવસે રાજા તથા આચાર્ય સોમેશ્વર મહાદેવના ધામે આવી પહોંચ્યા. એટલે વળી બ્રાહ્મણોએ રાજાને ભરાવ્યું કે આ જતીલોક જિન તીર્થંકર સિવાય બીજા દેવને નમતા નથી. રાજાએ તેમની પરીક્ષા માટે આચાર્યને મહાદેવની પૂજા કરવા કહ્યું. આચાર્યે ઘણા ભાવથી પૂજા કરી સ્તુતિ કરી જે વીતરાગ–મહાદેવ સ્તોત્રને નામે ઓળખાય છે. એનો ભાવાર્થ એવો હતો કે રાગદ્વેષનો નાશ કરનાર વ્યક્તિ મહાદેવ, બ્રહ્મા કે વિષ્ણુ ગમે તે નામે ઓળખાતી હોય તેમને હું વંદન કરૂં છું.

રાજાએ ગુરુનો આ પ્રમાણે સમભાવ જોઇ તેમનાં ખૂબ વખાણ કર્યાં. બાદ આચાર્યે તેને પોતાના પ્રભાવથી સોમેશ્વર દેવનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં. કુમારપાળ અત્યંત રાજી થઈ ગુરુને ચરણે પડયો. હેમચંદ્રાચાર્યે તેને ઉપદેશ આપવા ત્રેસઠ શલાકા પુરૂષચરિત્ર તથા યોગશાસ્ત્ર નામે ગ્રન્થો રચ્યાં. ગુરુના ઉપદેશથી રાજાએ ગરીબ લોકોને દેવામાંથી મુકત કર્યાં, ચૌદ વર્ષ સુધી અઢાર દેશમાં હિંસા નિવારણ કરાવી, ચૌદસેં ચાલીસ જિન મંદિર કરાવ્યાં. પોતે સમકિતના મૂલરૂપ બાર વ્રત અંગીકાર કર્યાં ને અપુત્રિયાનું ધન પાપરૂપ જાણી તે

લેવાનું બંધ કર્યું. મોટી મોટી તીર્થયાત્રાઓ કરી ને બીજા પણ ધર્મનાં અનેક કાર્યો કર્યાં.

શ્રી હેમચંદ્રાચાર્ય યોગના પણ ઉંડા અભ્યાસી હતા. તેમણે એના અનેક ચમત્કારો કરેલા છે. કહેવાય છે કે એક વખત કુમારપાળની શ્રદ્ધા જૈન ધર્મ પર દૃઢ કરવા તેમણે પ્રાણાયામથી પ્રાણવાયુ રોકીને કંઇપણ આશ્રય સિવાય પૃથ્વીથી ચાર આંગળ અદ્ધર પોતાની કાયા ઉંચકી લીધી હતી. એક બીજી વખત તેમણે પોતાના યોગબળથી અમાવાસ્યાને દિવસે ચંદ્ર બતાવ્યો હતો. આ સિવાય તેમણે બીજા પણ ઘણા ચમત્કારો કરી જૈન શાસનનો મહિમા પ્રસાર્યો હતો.

ભગવાન્ હેમચંદ્રાચાર્ય જગત્ જીવોના કલ્યાણ અર્થે અનેક ઉપકારો કરી ચોર્યાશી વર્ષનું આયુષ્ય પૂરૂં કરી સ્વર્ગે સિધાવ્યા.

તેમના મરણથી આખો જૈન સમાજ શોકમાં ડુબી ગયો. પાટણ શહેર જાણે તેમના વિના વિધવા જેવું બની ગયું. જૈનેતર વર્ગ પણ તેમના ગુણો સંભારીને આંસુ સારવા લાગ્યો. મહારાજા કુમારપાળ તો ખૂબજ વિલાપ કરવા લાગ્યો. વારંવાર તેમના ગુણોને સંભારી તે રડવા લાગ્યો. તેને આકુલવ્યાકુલ થતો જોઇ તેના પ્રધાનો તેને શિખામણ દેવા લાગ્યા. ત્યારે તે બોલ્યો કે પોતાના મોટા પુણ્યથી ઉત્તમ લોકને પામેલા હેમાચાર્ય પ્રભુનો હું શોક કરતો નથી. પણ હું મારી જાત માટેજ શોક કરૂં છું. મારા રાજ્યનો એ મહાપુરૂષે સદંતર ત્યાગ કર્યો

અને મારા ઘરના પાણિના બિંદુનો પણ એમના શરીરને સ્પર્શ ન થયો. માટે એ વાતનો હું શોક કરૂં છું.

ધન્ય છે હેમાચાર્ય જેવા જગદ્ગુરુને અને ધન્ય છે કુમારપાળ જેવા પરમભક્તોને ! આજે એ બન્ને જૈનસમાજના આદર્શ બન્યા છે.



ઇલુરાનાં ગુફામંદિરો

જગત ભરનાં આ અદ્વિતીય ગુફામંદિરોનો, તથા બૌદ્ધ, શૈવ અને જૈનોના ઇતિહાસ તથા મૂર્તિવિધાનનો પૂરેપૂરો ખ્યાલ આપતું સચિત્ર પુસ્તક આજ લેખકના હાથે લખાઇ બહાર પડ્યું છે. પ્રસ્તાવના લેખક શ્રીયુત નાનાલાલ ચમનલાલ મહેતા આઈ. સી. એસ. કિમ્મત આઠ આના. જરૂર મંગાવીને વાંચો.

:: બાળ ગ્રંથાવળી ::

પ્રથમ શ્રેણી	બીજી શ્રેણી	ત્રીજી શ્રેણી
૧ શ્રી ઋષભદેવ	૧ અર્જુનમાળી	૧ [illegible]
૨ નેમ-રાજુલ	૨ ચક્રવર્તી [illegible]કુમાર	૨ શ્રી [illegible]
૩ શ્રી પાર્શ્વનાથ	૩ ગણધર શ્રી ગૌતમસ્વામી	૩ શ્રી હરિભદ્રસૂરિ
૪ પ્રભુ મહાવીર	૪ [illegible]	૪ શ્રી સિદ્ધસેન દિવાકર
૫ [illegible]	૫ આર્દ્રકુમાર	૫ શ્રી [illegible]સૂરિ
૬ મહાત્મા દૃઢપ્રહારી	૬ [illegible]	૬ શ્રી હીરવિજય સૂરિ
૭ [illegible]	૭ [illegible]	૭ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી
૮ [illegible]	૮ [illegible]	૮ મહા સતી સીતા
૯ [illegible]	૯ મહારાણી [illegible]	૯ દ્રૌપદી
૧૦ [illegible]	૧૦ રાજર્ષિ પ્રસન્નચંદ્ર	૧૦ નળ દમયંતી
૧૧ [illegible]	૧૧ મયણરેહા	૧૧ મૃગાવતી
૧૨ [illegible]	૧૨ ચંદન મલયાગિરિ	૧૨ રાણી [illegible]
૧૩ [illegible]	૧૩ [illegible]	૧૩ ધન્ય અહિંસા
૧૪ [illegible]	૧૪ [illegible]	૧૪ [illegible]
૧૫ [illegible]	૧૫ [illegible]	૧૫ [illegible]
૧૬ [illegible]	૧૬ [illegible]	૧૬ [illegible] શીલ
૧૭ [illegible]	૧૭ [illegible]	૧૭ [illegible]
૧૮ [illegible]	૧૮ [illegible]	૧૮ [illegible]
૧૯ [illegible]	૧૯ [illegible]	૧૯ [illegible]
૨૦ [illegible]	૨૦ [illegible]	૨૦ [illegible]

[illegible]

[illegible]

ચિત્રકાર ધીરજલાલ ટોકરશી શાહ

[illegible] · અમદાવાદ.